ગાંધીનગર સમાચાર

નેશનલ સાયન્સ સેમિનાર અંતર્ગત
જિલ્લા કક્ષાની સ્પર્ધાનું આયોજન

# શહેરમાં હિમાલય દર્શનની તડામાર તૈયારીઓ

ગાંધીનગર, તા.૨૬

શ્રી સ્વામીનારાયણ મંદિર સેકટર-૨ ગાંધીનગર ખાતે ભવ્ય હિંડોળા એવમ હિમાલય દર્શન ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. હિમાલય દર્શનની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. જેમાં છેલ્લા ૨૦ દિવસથી ૩૦૦ હરીભકતો આ કાર્યમાં પરોવાયેલા છે. ત્યારે શ્રી સ્વામીનારાયણ ભગવાન, કૃષ્ણ ભગવાનના જીવન ચરિત્ર પર સચિત્ર પ્રદર્શન તેમજ સ્વામીનારાયણ મંદિર કાલુપુરના ઈતિહાસને દર્શાવતી ટેલિફિલ્મ ભકતોને નિહાળવા મળશે. હીરના હિંડોળા અને કાચના અદ્‌ભુત હિંડોળાના દર્શનનો લ્હાવો ભકતોને મળશે. આ પ્રદર્શનનો પ્રારંભ તા.૩૧ જુલાઈના રોજ બપોરે ૪ કલાકે પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજના હસ્તે કરવામાં આવશે.





પવિત્ર ચાતુર્માસ દરમ્યાન ભગવાનને હિંડોળે ઝૂલાવવા એ વૈષ્ણવ પરંપરા છે. એ પરંપરાને ભગવાન શ્રી સ્વામીનારાયણે પોષણ આપ્યું છે. તેમજ શાસ્ત્રોમાં આજ્ઞા કરી છે કે ચાતુર્માસ દરમ્યાન ઠાકોરજીને હિંડોળે ઝૂલાવવા. શ્રાવણમાસમાં આપણા મંદિરને આંગણે ભવ્ય હીર હિંડોળા ઉત્સવનું આયોજન તા.૩૧-૭-૧૭થી તા.૨૮-૮-૧૬ને રવિવાર સુધી કરવામાં આવ્યું છે. જેમાં મંદિર સંપૂર્ણ મંદિર હીરની દોરીથી સજાવવામાં આવશે. હીરના હિંડોળા, થર્મોકોલની અવનવી ડિઝાઈનથી સજજ હિંડોળા, કાચના હિંડોળા, આધુનિકતા અને ટેકનોલોજી સજજ હિંડોળા અલગ-અલગ ૨૫ પ્રકારના અવનવા મલ્ટીરીયલના હિંડોળામાં ઠાકોરજીને ઝુલાવવામાં આવશે. જયારે કૃષ્ણ ભગવાન, સ્વામીનારાયણ ભગવાનના જીવનચરિત્ર પર સચિત્ર પ્રદર્શન તેમજ બાળકો માટે દર્શન સાથે મનોરંજનસભર ભગવાનની મૂર્તિઓની ગોઠવણી અને શ્રી સ્વામીનારાયણ મંદિર કાલુપુરના ૨૦૦ વર્ષ જૂના ઈતિહાસને દર્શાવતી ટેલિફિલ્મ એવમ હિમાલય દર્શન જેવા ભકિત સભર સામાજીક અને મનોરંજક કાર્યક્રમોથી ભરપુર આ આયોજન તૈયાર કરવામાં આવ્યું છે. મંદિર દર્શનનો સમય સોમથી શનિ બપોરે-૪ થી રાત્રે ૮.૩૦ કલાક, રજાના દિવસે તેમજ એકાદશી એવમ પૂનમના દિવસે સવારે ૮.૩૦ થી ૧૧.૩૦ કલાક તેમજ બપોરે ૪ થી રાત્રે ૮.૩૦ કલાકનો રહેશે. હિંડોળા દર્શન તેમજ પ્રદર્શન નિહાળવા નગરની ધર્મપ્રેમી જનતાને અનુરોધ કરવામાં આવે છે.

## @ગાંધીનગર

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા રાત્રે ૯.૪૫ કલાકે સેકટર-૧૭ ટાઉનહોલ ખાતે 'ધ વેઈટીંગ રૂમ્સ' નાટક યોજાશે.

● સેકટર-૨માં આવેલ સ્વામિનારાયણ મંદિરમાં સાંજે ૫.૦૦ થી ૮.૩૦ કલાક દરમિયાન 'ઉત્સવ દર્શન'ના કલાત્મક હિંડોળામાં ઠાકોરજીને ઝુલાવવામાં આવશે.

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સેકટર-૨૧ ખાતે સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક દરમિયાન કેસરી ઘટાના હિંડોળા યોજાશે.

● દલિતો દ્વારા બપોરે ૨.૦૦ કલાકે ઘ-૦થી આક્રોશ રેલી યોજવામાં આવશે. આ રેલી સે-૬ સત્યાગ્રહ છાવણી પહોંચશે.

## દશામા યુવક મંડળ દ્વારા માતાજીના ગરબા

દશામા યુવક મંડળ દ્વારા આગામી તા. ૨ થી ૮ ઓગષ્ટ દરમિયાન સેકટર-૨૪ (જ-૧) બ્લોક નં. ૪ પાસે દશામાના મંદિરે માતાજીના ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. દશામા વ્રત નિમિત્તે દશે દશ દિવસ રાત્રે ૯.૦૦ કલાકે માતાજીના ગરબા ગવાશે તથા દશામા વ્રત જાગરણ નિમિત્તે મેના કલાવૃંદના રાસ ગરબાનો કાર્યક્રમ પણ યોજાશે. જેનો લાભ લેવા સર્વે ભાવિકોને મંડળના પ્રમુખ રમેશભાઈ પરમાર દ્વારા જણાવાયું છે.

## વ્યાજખોરનો ફોન આવ્યા બાદ સે-૧૩નો યુવાન ગુમ

ગાંધીનગર શહેરના સેકટર-૧૩ ખાતે રહેતા ચિરાગ છાયા નામનો યુવાન ગઈ સાંજે ઘરેથી થોડી વારમાં આવુ કહીને નીકળ્યો હતો તે હજુ સુધી પરત ઘરે આવ્યો નથી. ગુમ થયેલા યુવાનના પિતાએ સે-૭ પોલીસ મથકમાં જાણવા જોગ નોંધાવી છે. જેમાં ઉલ્લેખ કર્યો છે કે તેણે વ્યાજે રૂપિયા લીધા હતા તેની વાતચીત ચાલતી હતી. ગઈ સાંજે કોઈ વ્યાજખોરનો ફોન આવ્યો ત્યાર બાદ થોડી વારમાં આવું તેમ કહીને નીકળ્યો હતો પરંતુ ત્યાર બાદ ઘરે પરત ફર્યો નથી. સે-૭ પોલીસે ઘટનાની ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

## વનશ્રી ટ્રસ્ટ દ્વારા સેંટ ઝેવિયર્સમાં વૃક્ષારોપણ

વનશ્રી ટ્રસ્ટ દ્વારા સેંટ ઝેવિયર્સ હાઈસ્કુલ ખાતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન બાળકોને ફળાઉ છોડ જેવા કે જામફળ, જાંબુ, આંબા અને સીતાફળ તથા ચોપડાઓનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. બાળકોને છોડ ઉગાડો નહિ પણ છોડ ઉછેરોની માહિતી આપવામાં આવી હતી અને દરેક બાળકને એક એક છોડ દત્તક આપવામાં આવ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન સરોજબેન ઝાલા દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સંસ્થાના અંજનાબેન નિમાવત તથા ફાધર હેકટર પિન્ટો, સીસ્ટર જોસફીન હાજર રહ્યાં હતાં.

# સે-૩૦ના પુલ પરથી છલાંગ મારવા જતી યુવતીને કોલેજીયનોએ બચાવી

## પ્રેમમાં નાસીપાસ થયેલી યુવતી આપઘાત કરવા પુલની પાળી ઉપર ચઢીને ત્યાં સેલ્ફી લઈ રહેલા ત્રણ કોલેજીયન યુવાનો જોઈ ગયા

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરની એક યુવતી પ્રેમમાં નાસીપાસ થઈ જતા સેકટર-૩૦ પાસે નદીના પુલ પરથી છલાંગ મારવા જતી હતી તે જ સમયે ત્રણ કોલેજીયન યુવાનોનું ધ્યાન પાળી ઉપર ચઢેલી યુવતી પર પડતા દોડીને ત્યાં પહોંચી ગયા હતા અને યુવતીને આપઘાત કરતા બચાવી લીધી હતી. યુવતીને સમજાવીને યુવાનો સે-૨૧ પોલીસ સ્ટેશન લઈ ગયા હતા અને પોલીસને સોંપી યુવતીને નવું જીવન આપવામાં ભાગીદાર બન્યા છે.



મળતી માહિતી મુજબ ગઈ કાલે સે-૩૦ પાસેથી પસાર થતી સાબરમતી નદીના પુલ પાસે શહેરના ત્રણ કોલેજીયન યુવાનો સેલ્ફી લઈ રહ્યા હતા. સે-૩૦ જ ટાઈપ ખાતે રહેતા નરેશ જેશાભાઈ ખાંટ, સે-૩૦ છાપરામાં રહેતા સંદિપ કમલેશભાઈ સોલંકી અને સે-૨૦, જ-૧ ટાઈપ ખાતે રહેતા સંદિપ ભગાજી ઠાકોર ત્રણેય યુવાનો શહેરની કોલેજમાં સેકન્ડ યરમાં અભ્યાસ કરે છે. ત્રણેય યુવાનો સેલ્ફી લઈ રહ્યા હતા ત્યારે એક યુવતી પુલ પાસે આવી અને પુલની પાળી ઉપર ચઢી જઈને આપઘાત કરવા પ્રયાસ કરી રહી હતી. ત્રણે યુવાનો દોડીને યુવતી પાસે પહોંચી ગયા અને યુવતીને આપઘાત કરતા બચાવી લઈ તેની મુંઝવણ સમજવાનો પ્રયત્ન કર્યો હતો. યુવતી કહી રહી હતી કે તે જે યુવકને પ્રેમ કરતી હતી તે તેણીને દગો આપી રહ્યો છે. પ્રેમમાં નાસીપાસ થઈ જતા તેણી આ પગલું ભરવા મજબુર બની હોવાનું રટણ કરતી હતી. ત્રણેય યુવાનોએ યુવતીને સમજાવીને સે-૨૧ પોલીસ સ્ટેશન ખાતે સોંપી હતી. પોલીસે તેણીનું કાઉન્સીલીંગ કરીને પરિવારજનોને સોંપી હતી.



સેકટર-૨ સ્થિત અર્બન હેલ્થ સેન્ટર ખાતે આયુર્વેદિક છોડના વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં અરડુસી, આમળા, ગ્રીન ટી, બહેડા તથા કરેણ-ચંપા જેવા વૃક્ષો રોપવામાં આવ્યા હતા. આ છોડ ભવિષ્યમાં દર્દીને આયુર્વેદિક દવા તરીકે ઉપયોગી બને તે હેતુસર જી.એમ.સી.મેડીકલ ઓફીસર ડૉ. દિનેશ બારોટ, ડૉ.સુચિ પટેલ અને વોર્ડ નં. ૮ કોર્પોરેટર પાયલબેન મેવાતની વિચારધારા સાથે રોપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં રાજુભાઈ, વસંતભાઈ, મુકેશભાઈ, કિરીટ પરેશ, શાંતિલાલ, રમેશભાઈ, વિનોદભાઈ મેણાત તથા અન્ય હેલ્થ સેન્ટરના કર્મચારીઓએ હાજર રહી વૃક્ષારોપણ કર્યું હતું.

## ઓગષ્ટમાં બ્રહ્મ યુવા સંમેલન અને ચિંતન શિબિરનું આયોજન

ગાંધીનગર, તા.૨૬

ગુજરાતના બ્રાહ્મણ યુવાનો માટે બ્રહ્મ યુવા સંમેલન અને ચિંતન શિબિરનું આગામી તા. ૬ અને ૭ ઓગષ્ટ ૨૦૧૬ના રોજ બહુચરાજી ખાતે આયોજન કરવામાં આવ્યું છે. જેમાં યુવાનોને સતાવતા પ્રશ્નો અને સમાજના સંગઠનને વધુ મજબૂત બનાવવા માટે નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. સમગ્ર ગુજરાતના બ્રહ્મ યુવાનોને આ શિબિરમાં હાજર રહેવા અનુરોધ કરાયો છે.

આ સંમેલનમાં ભાગ લેવા માટે રજીસ્ટ્રેશન ફોર્મ કનૈયાલાલ પંડયા, બી-૫, શાલીન કોમ્પ્લેક્ષના ભોયરામાં ૧૭/૨૨ બસ સ્ટેન્ડ પાસેથી મેળવી લેવા જણાવાયું છે. આ ફોર્મ તા. ૩ ઓગષ્ટ સુધીમાં ભરી પરત કરવા જણાવાયું છે.

## વાતવાતમાં

● ગાંધીનગર એસ.ટી. ડેપોની પાછળનો પથિકાશ્રમ હોટલ સામેના દરવાજાનો ઉપયોગ અનેક મુસાફરો તથા મોટી સંખ્યામાં અપડાઉનીયા વિદ્યાર્થીઓ દ્વારા કરાય છે. આ દરવાજા પાસે જ નીચાણવાળી જગ્યા હોવાથી ખૂબ વરસાદી પાણીનો ભરાવો થવાથી કાદવ કિચડ થાય છે. જેના કારણે તમામને અહીંથી પસાર થતા પારાવાર મુશ્કેલી નડી રહી છે.

● શહેરમાં અનેક ઠેકાણે પાણીના ખાબોચિયા ભરાયેલા હોવાથી માખી-મચ્છર જેવા રોગજન્ય જીવાણુઓના ઉપદ્રવનો ખતરો વધ્યો છે. જો કે તંત્ર દ્વારા શહેરમાં આ ખાબોચિયા તથા કાદવ કિચડ વાળી જગ્યાએ જંતુનાશક દવાના છંટકાવની કામગીરી હાથ ધરવામાં આવી છે.

● વાવોલના કિર્તીધામ ફીડર ખાતે બુધવારે યુજીવીસીએલ કંપની દ્વારા મરામત કામગીરી હાથ ધરવામાં આવનાર છે. આ મરામત કામગીરીના કારણે વાવોલમાં સવારે ૯ થી ૧૨ વાગ્યા દરમિયાન વીજ પુરવઠો બંધ રહેશે.

● તા. ૨૬મી જુલાઈ દેશભરમાં કારગીલ વિજય દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસને અનુલક્ષીને સવારથી માંડીને આખો દિવસ સોશિયલ મિડિયા પર દેશપ્રેમ અને પાકિસ્તાન વિરોધી પોસ્ટનો મારો સતત ચાલુ રહેવા પામ્યો હતો.

● શહેરમાં એકવાર ફરી વાદળો ઘનઘોર ઘેરાયા અને રાત્રિના સમયે ગાજવીજ પણ થઈ હતી. આમ છતાં વરસાદ ના વરસતા શહેરીજનોના ચહેરા પર નિરાશા જોવા મળી હતી.

## ત્રણ વર્ષથી વોન્ટેડ બળાત્કારના ગુનાનો આરોપી ઝડપાયો

ગાંધીનગર જિલ્લા પોલીસ વડા વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી ગાંધીનગર એસઓજીની ટીમ નાસતા ફરતા આરોપીઓની યાદી બનાવી તબક્કાવાર તેમને પકડી પાડવા સક્રિય થઈ છે. પીઆઈ પી.બી. ચૌહાણની



ટીમના પીએસઆઈ એમ.આર. પુવાર, એએસઆઈ ગૌતમભાઈ, સીરાજખાન, હે.કો. કલ્પેશભાઈ અને પો.કો. લાલુમીયા સહીતના માણસોએ વોન્ટેડ લીસ્ટનો અભ્યાસ કરી પાટણ જિલ્લાના કાકોશી પોલીસ સ્ટેશનના અપહરણ, બળાત્કારના ગુનામાં ત્રણ વર્ષથી વોન્ટેડ આરોપીને પકડી પાડયો છે. કલોલની અબરાટ સોસાયટીના આરોપી સાજીદહુસેન અકબરબાઈ સૈયદની એસઓજીની ટીમે ધરપકડ કરી કાકોશી પોલીસને સોંપવા તજવીજ શરૂ કરી છે.







દિલ્હી પબ્લિક સ્કુલ દ્વારા આજે કારગિલ વિજય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ દરમિયાન લેફટનન્ટ કર્નલ બી.એસ. અધાનાએ કારગિલ યુધ્ધની વાસ્તવિકતાનો ચિતાર વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કર્યો હતો. વર્ષ ૧૯૯૯માં તા. ૫ મે થી ૨૬ જુલાઈ દરમિયાન કારગિલ યુધ્ધ થયું હતું. ૨૬મી જુલાઈને વિજય દિવસ તરીકે ઉજવવામાં આવે છે. દિલ્હી પબ્લિક સ્કૂલ દ્વારા વિજય દિવસ અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કરવા અંગે અને દેશ ભકિતની ભાવનાને બળવત્તર બનાવવા વિજય દિવસની વિશેષ ઉજવણી કરવામાં આવી હતી. અંતમાં વિદ્યાર્થીઓએ શહિદ સૈનિકો માટે બે મિનિટનું મૌન પાળ્યું હતું.

# નેશનલ સાયન્સ સેમિનાર અંતર્ગત જિલ્લા કક્ષાની સ્પર્ધાનું આયોજન

## સે-૨૩માં નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા નેશનલ સાયન્સ સેમિનાર-૨૦૧૬ માટેનું આયોજન હાથ ધરાયું

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરના નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા નેશનલ સાયન્સ સેમિનાર-૨૦૧૬નું આયોજન કરવામાં આવ્યુ છે. આ સેમિનારનો વિષય 'ટકાઉ ખાદ્ય સુરક્ષા માટે કઠોળ : સંભાવના અને પડકારો' રાખવામાં આવ્યો છે. આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓ આ વિષય અનુરૂપ ચાર્ટસ, સ્લાઈડસ, પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન વગેરેમાંથી ગમે તે એક માધ્યમનો ઉપયોગ કરી પોતાની રજૂઆત કરી શકશે. આ સ્પર્ધા તા. ૨૯મી જુલાઈ સવારે ૯ કલાકે સે-૨૩માં નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે યોજાશે.

મુંબઈના નેશનલ કાઉન્સિલ ઓન સાયન્સ મ્યુઝિયમ દ્વારા દર વર્ષે નેશનલ સાયન્સ સેમિનારનું આયોજન કરવામાં આવે છે. આ અંતર્ગત દેશભરમાંથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ભાગ લે છે. ગાંધીનગર જિલ્લાના વિદ્યાર્થીઓ પણ આ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં ભાગ લઈ શકે તે હેતુથી છેલ્લા ૧૨ વર્ષથી નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ગુજકોસ્ટના સહયોગથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે તા. ૨૯મી જુલાઈના રોજ સવારે ૯ થી ૧૨ વાગ્યા દરમિયાન જિલ્લા કક્ષાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓ દ્વારા ૬ મિનિટમાં સેમિનારના વિષય અનુરૂપ રજુઆત કરવાની રહેશે. આ રજૂઆતમાં તેઓ ચાર્ટસ, સ્લાઈડસ, કોમ્પ્યુટર પીપીટી વગેરેમાંથી ગમે તે એક માધ્યમનો ઉપયોગ કરી શકશે. પસંદ કરેલ માધ્યમની વધુમાં વધુ પાંચ સ્લાઈડસ અથવા ચાર્ટસ રજુ કરી શકાશે. આ સેમિનારમાં વધુ વિદ્યાર્થીઓ ભાગ લે તે હેતુથી નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા સાયન્સ કલબમાં જોડાયેલ ઉચ્ચ પ્રાથમિક, માધ્યમિક શાળાઓને પણ આમંત્રવામાં આવી છે. આ સ્પર્ધાની વધુ માહિતી માટે નિસર્ગ સાયન્સ સેન્ટરના કાર્યાલય સે-૨૩માં બ્લોક નં. ૬૧/૧, ઘ ટાઈપ ખાતે કોઓર્ડિનેટર હાર્દિક મકવાણાનો સંપર્ક સાધવા જણાવાયુ છે.

# બીસીએના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે વાલી સંમેલન યોજાયું

ગાંધીનગર, તા.૨૬

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ દ્વારા આ કોલેજમાં ચાલુ વર્ષે એડમિશન મેળવ્યું હોય તેવા સેમેસ્ટર-૧ના વિદ્યાર્થીઓના વાલીઓ માટે વાલી સંમેલન સે-૨૩ના શેઠ ખીમજી વિસરામ હોલ ખાતે યોજાયું હતું. આ પ્રસંગે કોલેજ દ્વારા વિદ્યાર્થીઓના ઉત્થાન માટે કરવામાં આવતા પ્રયત્નો વિશેની માહિતી કોલેજના ડાયરેકટર ડૉ. સંજય એમ. શાહે આપી હતી. વધુમાં તેમણે માતા પિતાએ પણ પોતાના પાલ્યના ભવિષ્ય માટે જાગૃતતા કેળવવી જોઈએ અને પોતાના સંતાનો પર વિશ્વાસ રાખવાની વાત પર ભાર મૂકયો હતો.

આમંત્રિત મહેમાનોમાં પ્રમુખ સ્વામી સાયન્સ કોલેજ, કડીના પ્રિન્સિપાલ ડૉ. અજય ગોરે જણાવ્યુ હતું કે સફળતા રાતોરાત નથી મળતી પરંતુ તેની પાછળ કેટલાય વર્ષોનો સંઘર્ષ રહેલો છે. તેની જાણકારી તેમણે આઈ.ટી. ક્ષેત્રે સફળ થયેલ અનેક વ્યકિતઓના ઉદાહરણો ટાંકીને આપી હતી. આઈટી ક્ષેત્રે રહેલી વિશાળ તકો અને ગુજરાત બહાર થતાં અભ્યાસક્રમોની માહિતી તેઓએ વાલીઓને આપી હતી.

અન્ય આમંત્રિત મહેમાનોમાં કડી સર્વ વિશ્વ વિદ્યાલયના મેનેજમેન્ટ ફેકલ્ટીના ડિન ડૉ. ભાવિન પંડયા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે માતા પિતાએ પોતાના સંતાનોને પોતાની અપેક્ષાઓના ભાર હેઠળ દબાવી ન દેતા તેમને મૌલિક રીતે ખીલવા દેવા



જોઈએ તેમ જણાવ્યું હતું.

વાલી સંમેલનની સાથે કોલેજ દ્વારા વિદ્યાર્થીઓની આંતરિક શકિત ખિલવા માટે વિવિધ ઈન હાઉસ કોમ્પિટીશનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લગભગ ૧૫૦ કરતા વધારે વિદ્યાર્થીઓએ વિવિધ નૃત્યો, લોકગીતો, મિમિક્રી અને એન્કરીંગ જેવી સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. જેમાં વિદ્યાર્થીઓને અલગ અલગ હાઉસ પ્રમાણે ઈનામો જાહેર કરવામાં આવ્યા હતા. સ્પર્ધાના નિર્ણાયક તરીકે પ્રો. રાકેશ ભટનાગર અને ડૉ. ભાવિતા ધરુંએ સેવાઓ આપી હતી. આભાર દર્શન ડૉ. અભિજિતસિંહ જાડેજાએ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રો. જૈમિની કુલકર્ણી દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. કોલેજ દ્વારા ચાલતી હાઉસ એકિટીવીટીના ઈન્ચાર્જ પ્રો. હરિતા પંડિત, પ્રો. શ્વેતા વ્યાસ, પ્રો. મોનિકા પટેલ અને પ્રો. મેઘા ભટ્ટ દ્વારા તમામ સ્પર્ધાઓનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. જયારે વાલી સંમેલનમાં પ્રો. વિશાલ પટેલ અને તમામ ટીચીંગ અને નોન ટીચીંગ સ્ટાફનો સહયોગ પ્રાપ્ત થયો હતો.

# ચિલોડામાં ફાઈનાન્સનો ધંધો કરતો ૩૫ વર્ષીય યુવાન લાપતા

ચિલોડા, તા.૨૬

તાલુકાના લવારપુર ગામનો રહેવાસી અને મોટા ચિલોડામાં ફાઈનાન્સનો ધંધો કરતો યુવાન સંજય વિનુભાઈ પટેલ (ઉ.વ. ૩૫) કયાંક ચાલ્યો ગયો હોવાની જાણવાજોગ યુવાનના પિતા વિનુભાઈ ભુલાભાઈ પટેલે ડભોડા પોલીસ મથકમાં કરી છે. મળતી વિગતો મુજબ આ યુવાનને ફાઈનાન્સના ધંધામાં નુકસાન થતા લેણદારો દ્વારા ઉઘરાણી થઈ રહી હતી. આ બાબતે યુવાન ત્રસ્ત થઈ જતા ગયા શનિવારના રોજ ઘરેથી કોઈને કહ્યા વગર ચાલ્યો ગયો હતો. પરિવારજનોએ સગા સંબંધીને ત્યાં શોધખોળ ચલાવી હતી પરંતુ હજુ કોઈ પત્તો મળતો નથી. યુવાનના પિતા વિનુભાઈ પટેલે પોલીસ સ્ટેશનમાં પુત્ર ગુમ થયાની જાણવાજોગ ફરિયાદ નોંધાવી છે જેને આધારે પોલીસે તપાસ શરુ કરી છે.

## ચિરવિદાય

- સ્વ. મધુબેન મંગાભાઈ પટેલ, ઉ.વ. ૫૭
- સ્વ. જાન્હવી પંકજકુમાર ભટ્ટ, ઉ.વ. ૧૭
- સ્વ. દેવીબેન ગૌરીશંકર નાયક, ઉ.વ. ૬૫
- સ્વ. કિશોરભાઈ મગનભાઈ પટેલ, ઉ.વ. ૭૬
- સ્વ. જુજારસિંહ મહોતજી વાઘેલા, ઉ.વ. ૭૮